Monday
15.05.2023
*Volume :7 * Issue No.286
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

## પ્રધાનમંત્રીએ આજે દિલ્હીમાં મોર્ડન આર્ટ રાષ્ટ્રીય ગેલેરીમાં યોજાયેલા જનશક્તિ કળા પ્રદર્શનની મુલાકાત લીધી



કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે દિલ્હીમાં મોર્ડન આર્ટ રાષ્ટ્રીય ગેલેરીમાં યોજાયેલા જનશક્તિ કળા પ્રદર્શનની મુલાકાત લીધી. પ્રધાનમંત્રીના લોકપ્રિય રેડિયો કાર્યક્રમ મન કી બાતની ૧૦૦ કડીઓ પૂર્ણ થઈ તેના ઉપલક્ષ્યમાં આ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. દેશના ૧૩ જાણીતા કળાકારો દ્વારા કુલ ૧૨ વિષય વસ્તુ પરના પ્રધાનમંત્રીના સંદેશને આ પ્રદર્શનમાં વિવિધ માધ્યમો દ્વારા રજૂ કરાયા છે. તેમાં જળ સંરક્ષણ, નારી શક્તિ, કોવિડ જાગૃતિ, સ્વચ્છ ભારત, પર્યાવરણ અને આબોહવા પરિવર્તન, ભારતીય કૃષિ, યોગ અને આર્યુવેદ તથા રમતગમત અને તંદુરસ્તી જેવા વિષયો આવરી લેવાયા છે. પ્રધાનમંત્રીએ તેમના ટ્વીટ સંદેશામાં કહ્યું છે કે, મન કી બાતની કડીઓના વિષયો આધારિત આ કળા પ્રદર્શન અદભૂત કાર્ય છે.




કમલમ્ ન્યુઝ,

જી.આઈ.ડી.સી. અંકલેશ્વર રાજપૂત સમાજ ''ગીરાસ'' દ્વારા આયોજિત શૈક્ષણિક સંકુલના ખાતમુહૂર્ત સમારોહમાં કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબે હાજરી આપી. શાસ્ત્રોક્ત વિધિથી ખાતમુહૂર્ત, બાળાઓના મનોરમ્ય સ્વાગત ગીત અને સંકુલના બાંધકામ અર્થે દાતાશ્રીઓએ આપેલો અભૂતપૂર્વ સહયોગ સમાજ અને અંતે રાષ્ટ્રના વિકાસમાં નોંધપાત્ર બનશે.

## કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિત શાહ સોમવારે નવી દિલ્હીમાં લેજિસ્લેટિવ ડ્રાફ્ટિંગ પર એક તાલીમ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરશે

**કાર્યક્રમનો ઉદ્દેશ સંસદ, રાજ્ય વિધાનસભાઓ, વિવિધ મંત્રાલયો, વૈધાનિક સંસ્થાઓ અને અન્ય સરકારી વિભાગોના અધિકારીઓ વચ્ચે કાયદાકીય મુસદ્દા તૈયાર કરવાના સિદ્ધાંતો અને પ્રથાઓની સમજ ઉભી કરવાનો છે**





કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિત શાહ સોમવાર, ૧૫ મે, ૨૦૨૩ ના રોજ નવી દિલ્હીમાં લેજિસ્લેટિવ ડ્રાફ્ટિંગ પર એક તાલીમ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરશે. આ કાર્યક્રમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોન્સ્ટિટ્યુશનલ એન્ડ પાર્લામેન્ટરી સ્ટડીઝ (ICPS) દ્વારા પાર્લામેન્ટરી રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ ફોર ડેમોક્રેસીસ (PRIDE)ના સહયોગથી આયોજિત કરવામાં આવી રહ્યો છે, જેનો ઉદ્દેશ્ય સંસદ, રાજ્ય વિધાનસભાના અધિકારીઓમાં અને વિવિધ મંત્રાલયો, વૈધાનિક સંસ્થાઓ અને અન્ય સરકારી વિભાગો કાયદાકીય મુસદ્દા તૈયાર કરવાના સિદ્ધાંતો અને પ્રથાઓની સમજ ઊભી કરવાનો છે. કાયદાનો મુસદ્દો સમાજ અને રાજ્યના કલ્યાણ માટે લાગુ કરવામાં આવતી નીતિઓ અને નિયમોના અર્થઘટન પર મોટી અસર કરે છે. કાયદાના મુસદ્દાકારો લોકશાહી શાસનને પ્રોત્સાહન આપતા અને કાયદાના શાસનને અસર કરે તેવા કાયદાઓ બનાવવા માટે જવાબદાર હોવાથી, તેથી તે જરૂરી છે કે તેઓને તેમની કુશળતાને તીક્ષ્ણ બનાવવા માટે સમય સમય પર તાલીમ આપવામાં આવે. તાલીમ કાર્યક્રમ તેમને તેમની ક્ષમતા નિર્માણમાં મદદ કરશે.

### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો ખેડૂત હિતલક્ષી નિર્ણય

## ઉત્તર ગુજરાતમાં બે તાલુકાઓના ૭૪ તળાવો-ચેકડેમ સાબરમતી જળાશય ધરોઈ બંધના પાણીથી ભરવામાં આવશે

**૩૧૭ કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચ સાથે ૧૧૮ કિલોમીટર લંબાઇની પાઇપલાઇન તળાવો -ચેકડેમ ભરવા માટે નાખવામા આવશે**



કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉત્તર ગુજરાતના બે તાલુકા સતલાસણા અને ખેરાલુના ૫૩ ગામોનાં તળાવો અને ચેકડેમ મળીને કુલ ૭૪ તળાવો , ચેક ડેમ સાબરમતી જળાશય (ધરોઈ) યોજનાના પાણીથી ભરવાનો ખેડૂત હિતકારી નિર્ણય કર્યો છે. મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકાના ધરોઈ ખાતે સાબરમતી નદી પર બાંધવામાં આવેલા ધરોઈ બંધના કમાન્ડ એરિયાની ભૌગોલિક સ્થિતિ મુજબ આ બે તાલુકાના ૩૭ ગામનો સમાવેશ કમાંડ એરિયામાં થઈ શક્યો નથી. આ તાલુકાઓના ખેડૂતો મુખ્યત્વે પશુપાલન અને ખેતી આધારિત રોજગારી મેળવે છે. આ વિસ્તારમાં વરસાદની અનિયમિતતાના કારણે ભૂગર્ભ જળસ્તર પણ ઊંડા ઊતરી ગયા છે. એટલું જ નહિ , સિંચાઈ અને પશુપાલન માટે તેમને પૂરતું પાણી મળી શકતું નથી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ સમસ્યાના નિવારણ માટે આ વિસ્તારોના ખેડૂતો અને આગેવાનોએ કરેલી રજૂઆતોનો તેમણે સકારાત્મક અને સંવેદનાપૂર્ણ પ્રતિસાદ આપતાં આ મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ કરેલા આ નિર્ણય અનુસાર ધરોઈ બંધના પાણીના આ બે તાલુકાના ગામોમાં ઉપયોગ માટે નવીન પાઈપલાઈન નાખીને ખેરાલુ તથા સતલાસણા તાલુકાના તળાવો ભરીને ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. તદઅનુસાર, ખેરાલુ અને સતલાસણા તાલુકાના આશરે ૫૩ ગામોના તળાવો અને ૮ ચેકડેમને સીધા જોડાણથી તથા ૮ તળાવો અને ૫ ચેકડેમને પરોક્ષ રીતે એમ કુલ ૭૪ તળાવો-ચેકડેમ દ્વારા ૫૮૦૮ હેક્ટર જમીનને સિંચાઈ માટે પાણી આપી શકાશે. આ હેતુસર વિસ્તરણ પાઈપલાઈન સાથે કુલ ૧૧૮.૧૪ કિલોમીટર લાંબી પાઈપલાઈન નાખવામાં આવશે તથા બે તાલુકાના ૨૭૦૦ થી વધુ ખેડૂતોને સિંચાઈ સુવિધા આપવાના આયોજન માટે રાજ્ય સરકાર ૩૧૭ કરોડ રૂપિયાનો ખર્ચ કરશે. આ તળાવો ધરોઈ બંધના પાણીથી તબક્કાવાર ભરવા માટે કુલ ૪૦૦ એમ.સી.એફ.ટી. પાણીનો જથ્થો આ જળાશયમાંથી લેવામાં આવશે.

## પાટણ શહેરના ખાલકશા પીર રોડ વિસ્તારની સોસાયટીના રહીશોએ રેલવે અંડરપાસ બનાવવા સાંસદ ડૉ. કિરીટભાઈ સોલંકી ને રજુઆત કરાઈ



કમલમ્ ન્યુઝ,

પાટણ શહેરના ખાલકશા પીર રોડ રેલવે ફાટક આસપાસ આવેલ સાંઈવિલા બંગ્લોઝ, સેવન વિહાર, દેવવિનાયક, સૃષ્ટિ એવન્યુ, જય બંગ્લોઝ અને જીલ રેસીડેન્સી વિગેરે સોસાયટીઓ નજીક આવેલ પાટણ ભીલડી લાઈન ઉપર રેલવે ફાટક આવેલ છે જે રેલવે તંત્ર દ્વારા આવનાર દિવસોમાં ફાટક નંબર ૪૨ બંધ કરવાની કાર્યવાહી કરનાર છે જો આ ફાટક બંધ કરવામાં આવશે તો આ વિસ્તારની સોસાયટીના રહીશોને આવવા જવા તેમજ વાહનો લાવવા લઈ જવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડશે આ અંગે આ સોસાયટીના રહીશોએ ફાટક ની જગ્યાએ અંડરપાસ બનાવવાની પોતાની માંગણી અમદાવાદ ના સાંસદ ડૉ. કિરીટભાઈ સોલંકી સુધી પહોંચાડવા પાટણ નગરપાલિકા ના કોર્પોરેટર રાજેન્દ્રકુમાર કે. હિરવાણીયા ને રજુઆત કરી હતી જે બાબતે સાંસદ ડૉ. કિરીટભાઈ સોલંકી એ ૨૫ ફેબ્રુઆરી એ ડી.આર.એમ. અમદાવાદને પત્ર લખી કાર્યવાહી કરવા જણાવેલ પરંતુ રેલવે તંત્ર દ્વારા હજુ સુધી કોઈ કાર્યવાહી ના થતા પાટણ નગરપાલિકાના કોર્પોરેટર રાજેન્દ્રકુમાર કે. હિરવાણીયા ને સાથે રાખી રેલવે ફાટક ૪૨ ની જગ્યાએ ઝડપથી નવિન રેલવે અંડરપાસ બનાવવા સાંસદ ડૉ. કિરીટભાઈ સોલંકી ને અમદાવાદ એનેક્ષી ખાતે દેવ વિનાયક ના જીતેન્દ્રભાઈ પંચોલી, સાંઈવિલા બંગ્લોઝના ભુપેન્દ્રભાઈ ભાવસાર, સેવન વિહારના રમેશભાઈ પ્રજાપતિ, જય બંગ્લોઝ ના અશ્વિનભાઈ ભાટીયા અને જીલ રેસીડેન્સી ના નરેશભાઈ ઠક્કર વિગેરે સોસાયટી ના રહીશોએ આવેદન પત્ર આપી રજૂઆત કરી હતી સાંસદ ડૉ. કિરીટભાઈ સોલંકી એ રેલવે ફાટક ૪૨ ની જગ્યાએ નવિન રેલવે અંડરપાસ ની સુવિધા ઉપલબ્ધ કરાવવા રહીશોને વિશ્વાસ આપ્યો હતો.

# સરદાર સાહેબની વિરાટ પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી નિહાળી ધન્યતા અનુભવતા મહારાષ્ટ્રના માન. રાજ્યપાલશ્રી રમેશજી બૈસ

**અરૂણાચલ પ્રદેશના મુખ્યમંત્રીશ્રી પેમા ખાંડુ SoU પરિસરમાં મળતા બંને મહાનુભાવોએ હસ્તધૂનન કરી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પરિકલ્પનાથી સ્થાપિત સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ કાર્યને વખાણ્યું**



**એકતા ક્રુઝની સવારી અને સરદાર સાહેબના જીવન કવનની ઝાંખી કરાવતો લેશર શો નિહાળી માં નર્મદાની આરતીમાં પરિવાર સાથે સહભાગી બનતા મહારાષ્ટ્રના માન. રાજ્યપાલશ્રી**

કમલમ્ ન્યુઝ,શૈશવ રાવ

મહારાષ્ટ્રના માન. રાજ્યપાલ શ્રીમાન રાજેશજી બૈસ તેઓના ધર્મપત્ની શ્રીમતી રામબાઈ બૈસ અને તેમના પરિવારના સભ્યો સાથે એકતાનગર ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઈ ધન્યતાનો ભાવ વ્યક્ત કર્યો હતો. સરદાર સાહેબની વિશાળ પ્રતિમા નિહાળી એક શ્રેષ્ઠ પ્રવાસન સ્થળ તરીકે પ્રસ્થાપિત SoUના નિર્માણ કાર્યના ઈજનેરી કૌશલ્યને બિરદાવી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યકત કર્યો હતો. મહારાષ્ટ્રના માન. રાજ્યપાલ શ્રીમાન રાજેશજી બૈસએ ૪૫ માળની ઉંચાઈએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની વ્યુઈંગ ગેલેરી એટલે કે પ્રતિમાના હૃદયસ્થાનેથી નર્મદા નદી, સરદાર સરોવર નર્મદા ડેમનો અદભૂત નજારો માણવા સાથે વિધ્યાંચલ અને સાતપુડાની ગીરિમાળાનું પ્રાકૃતિક સૌંદર્ય પણ નિહાળ્યું હતું. તદઉપરાંત, સરદાર વલ્લભભાઈ પટેલના જીવન ચરિત્ર વિશેની ફિલ્મ નિહાળવા ઉપરાંત પ્રદર્શિત કરાયેલ તસવીરી પ્રદર્શન પણ તેમણે નિહાળ્યું હતું. બાદમાં સરદાર સાહેબના ચરણોમાં ભાવ સાથે વંદન કર્યા હતા. મહારાષ્ટ્રના રાજ્યપાલ શ્રીમાન રમેશજી બૈસની સ્ટેચ્યુ ઓફ યુનિટીની આ મુલાકાત વેળાં અરૂણાચલ પ્રદેશના મુખ્યમંત્રીશ્રી પેમા ખાંડુ જીં પરિસરમાં યોગાનું યોગ મળી જતા બંને મહાનુભાવોએ હસ્તધૂનન કરી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પરિકલ્પનાથી સ્થાપિત સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ કાર્યને વખાણ્યું હતું. બાદમાં બંને મહાનુભાવોએ યાદગીરી રૂપે સમૂહ તસવીર પણ ખેંચાવી હતી. આ પ્રસંગે સ્ટેચ્યુ ઓફ યુનિટીના ગાઈડ શ્રી મયુર રાઉલે સ્ટેચ્યુ ઓફ યુનિટીના આ સમગ્ર પ્રોજેકટ તેમજ વિશ્વની અન્ય વિરાટ પ્રતિમાઓની સરખામણીમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીના વિરાટત્વની ઝીણવટભરી અને વિસ્તૃતમાં જાણકારી પુરી પાડી હતી. જ્યારે નાયબ કલેકટર જેંના શ્રી ઉમેશ શુક્લએ માન. રાજ્યપાલશ્રીને કોફીટેબલ બુક અને સરદાર સાહેબની પ્રતિકૃતિ ભેટ આપી હતી. સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત પૂર્વે મહારાષ્ટ્રના માન. રાજ્યપાલશ્રી પરિવાર સાથે શ્રેષ્ઠ ભારત ભવન નજીકથી નર્મદા નદીમાં ચાલતી એકતા ક્રુઝમાં સવાર થઈ સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં પહોંચ્યા હતા. SoU પરિસરની મુલાકાત વેળાએ સાહેબના જીવન કવનની ઝાંખી કરાવતો લેશર શો પણ નિહાળ્યો હતો. આ મુલાકાત બાદ નર્મદા ઘાટ ખાતે યોજાતી નર્મદા આરતીમાં સહભાગી બની ધન્યતાનો ભાવ પ્રગટ કર્યો હતો.

# સુરત સુમુલ ડેરી ખાતે મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ અને અન્ય પદાઅધિકારીઓનું સન્માન કરાયું

**સુમુલ હાલમાં સમગ્ર એશિયામાં સૌથી વધુ ભાવ ચૂકી રહે છે અને ભવિષ્યમાં સુરત અને તાપી જિલ્લાના પશુપાલકોને આવક વધારવા પ્રયાસરત રહેશેઃ માનસિંહ પટેલ**



કમલમ્ ન્યુઝ,મયુર પટેલ

સુમુલ ડેરી ખાતે સરકારશ્રીના માનનીય વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ,સુરત જીલ્લા ભાજપના નવનિયુક્ત પ્રમુખ શ્રી ભરતભાઈ રાઠોડ, સુરત APMC નવનિયુક્ત પ્રમુખ અને સુમુલ ડેરીના ડીરેકટર શ્રી સંદીપભાઈ દેસાઈ અને સોનગઢ APMCમાં ચુટાયેલા સુમુલ ડેરીના ડીરેકટર શ્રી કાંતિભાઈ ગામીતનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું. આજરોજ સુમુલ ડેરીના ખાતે સરકારશ્રીના વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે શુભેચ્છા મુલાકાત લેતા, સુરત જીલ્લા ભાજપના નવનિયુક્ત પ્રમુખ શ્રી ભરતભાઈ રાઠોડ, સુરત APMCના નવનિયુક્ત પ્રમુખ અને સુમુલ ડેરીના ડીરેકટર શ્રી સંદીપભાઈ દેસાઈ અને સોનગઢ APMCમાં ચુટાયેલા સુમુલ ડેરીના ડીરેકટર શ્રી કાંતિભાઈ ગામીતનું સુમુલ સુરત ખાતે ચેરમેન,શ્રી માનસિહભાઈ, સુડીકો બેક્રના ચેરમેન શ્રી નરેશભાઈ પટેલ તથા અન્ય ઉપસ્થિત તમામ ડીરેકટરશ્રીઓ દ્વારા તેઓનું સ્વાગત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. કર્મચારીઓ વતી ઈ.મે.ડી. શ્રી અરુણ પુરોહિત દ્વારા તેઓને આવકાર આપ્યો હતો. સુમુલ ડેરીએ સુરત તેમ જ તાપી જિલ્લામાં ૧૧૦૦ ગામોમાંથી દરરોજ ૨૦ લાખ લિટર દુધ મેળવી, પ્રોસેસ કરી, સુરત શહેરમાં વિતરણ કરવાનું કાર્ય કરે છે. સુમુલ ૨.૫૦ લાખ સભાસદોને રોજના ૯ કરોડ રૂપિયાની આવક ઘર આંગણે પૂરી પાડે છે. સુમુલ ડેરીએ ૫૩૫૫ કરોડનું ટર્નઓવર ધરાવતી અને તેના સભાસદોને સમગ્ર એશિયામાં સૌથી વધુ ભાવો ચુકવતી સંસ્થા છે. ત્યારબાદ મળેલ બોર્ડ મીટીંગમાં સુમુલ ડેરીના નિયામક મંડળ દ્વારા સ્વચ્છ, પ્રમાણિક, કરકસરયુકત અને અસરકારક વહીવટને કારણે સુરત અને તાપી જીલ્લાના પશુપાલકોને પાછલા ૧ વર્ષમાં કિલો ફેટ દીઠ ૭ વખત ભાવોમાં વધારો કરી રૂા.૬૬.૫૦ નો ભાવવધારો, ફેટ ફેરના રૂા.૨૭.૩૮ અને છેવટના ભાવો પેટે રૂા.૧૧૦ ચુકવવામાં આવશે. જે પૈકી રૂા.૧૦૦ એમટીમાં ચુકવવામાં આવશે અને રૂા.૫ જે તે મંડળીની બચતમાં અને રૂા.૫ના વધારાના શેરો તરીકે દૂધ મંડળીઓને આપવામાં આવશે એમ કિલો ફેટ દીઠ કુલ રૂા.૮૯૮.૮૮ સમગ્ર વર્ષ માટે રહેશે.મે મહિનાની એમટી મારફત સંઘમાં દૂધ ભરતી મંડળીઓને અંદાજીત ગ્રોસ રૂા.૨૭૦ કરોડ, બીસીયુ ફેટફેરના રૂા.૩૮ કરોડ અને છેવટના ભાવો પેટે રૂા.૨૮૦ કરોડ એમ કુલ મળી અંદાજીત રૂા.૫૮૯ કરોડ સુરત અને તાપી જીલ્લાની દુધ મંડળીઓને જુન મહિનામાં ચુકવવામાં આવશે. ગત વર્ષે સુમુલ ડેરીના દૂધ સંપાદનમાં ૮.૦૪%નો, વેચાણમાં ૧૮.૨૭%, કેટલ ફિડમાં ૭.૯%,બેકરી પ્રોડકટસમાં ૨૫.૪૩%,આઈસ્ક્રીમમાં ૫૮.૬૨% નો વધારો થયો છે. સુમુલના ચેરમેન શ્રી માનસિંહ પટેલે જણાવ્યું હતું. ગત બે વર્ષોમાં રૂા.૪૫૦ કરોડની લોનમાંથી રૂા.૩૦૦ કરોડની લોન ચુકવવામાં આવી હતી જેને પરિણામે વાર્ષિક વ્યાજ ભારણ રૂા.૮૦ કરોડથી ઘટાડીને રૂા.૩૭ કરોડ સુધી ઘટાડવામાં આવ્યું અને તેનો સીધો ફાયદો દૂધ ભરતા સુરત અને તાપી જીલ્લાના સભાસદોને થયો છે. આ પ્રસંગે ઉપસ્થિત તમામ ડીરેકટરશ્રીઓનો સમગ્ર વર્ષ માટે મળેલ સહકાર બદલ આભાર માની ઋણ સ્વીકાર કરતા ચેરમેન શ્રી માનસિંહભાઈ પટેલે જણાવ્યું હતું કે સુમુલ હાલમાં સુમુલ સમગ્રમાં એશિયામાં સૌથી વધુ ભાવો ચૂકવી રહી છે અને ભવિષ્યમાં સંપૂર્ણ પારદર્શક અને કરકસરયુક્ત વહીવટ દ્વારા આ જ પ્રકારે ભાવો ચૂકવી સુરત અને તાપી જીલ્લાના પશુપાલકોની આવક વધારવાના માનનીય પ્રધાનમંત્રી શ્રી મોદી સાહેબના સ્વપ્નને સાકાર કરશે.

# પ્રધાનમંત્રીશ્રીના સાંકેતિક અભિગમને યાદ રાખીને પુત્રી આલિયાબાનુને ડોક્ટર બનાવવાનો નિર્ધાર કરતાં પ્રજ્ઞાચક્ષુ પિતા શ્રી ઐયુબભાઈ પટેલ

**આલિયાબાનુના ડોક્ટર બનવાના સ્વપ્નમાં આર્થિક સંકટને દૂર કરતું જિલ્લા વહીવટી તંત્ર, ભરૂચ**




**ભરૂચ મહેસૂલ વિભાગ તરફથી એકત્રિત થયેલ લોકફાળાનો રૂ. ૪.૦૦ લાખનો બેંકસે ચેક કલેક્ટર શ્રી તુષાર સુમેરાએ આલિયાબાનુ પટેલને મે ૧૨, ૨૦૨૩ન રોજ એનાયત કર્યો**

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

ભરૂચ જિલ્લા વહીવટી તંત્ર અંતર્ગત મહેસૂલ વિભાગ તરફથી એકત્રિત થયેલ લોકફાળાની રકમ રૂ. ૪.૦૦ લાખનો બેંકસે ચેક ૧૨ મે ૨૦૨૩ના રોજ જિલ્લા કલેકટરશ્રી તુષાર સુમેરાના હસ્તે કુ. આલિયાબાનુ ઐયુબભાઈ પટેલને એનાયત કરીને નિયત સમયગાળામાં એમ.બી.બી.એસ અભ્યાસક્રમની શૈક્ષણિક ફી એકત્રિત થયેલ લોકફાળામાંથી ચૂકવી સક્રિયપણે નિરંતર અભ્યાસ કરી તેણી ડોકટર બનવાનું સ્વપ્ન પૂરૂ કરવામાં સફળતા મેળવે અને ભવિષ્યમાં દેશ તથા સમાજના વિકાસમાં વિશિષ્ટ યોગદાન આપે એવી શુભેચ્છા જિલ્લા વહીવટી તંત્ર, ભરૂચ દ્વારા પાઠવવામાં આવી છે. મૂળ વાત પર આવીએ તો ૧૨ મે ૨૦૨૨, ગુરુવારના રોજ દુધધારા ડેરી ગ્રાઉન્ડ, ભરૂચ ખાતે પ્રધાનમંત્રીશ્રીની વર્ચ્યુઅલ હાજરીમાં તથા મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં "ઉત્કર્ષ પહેલ" અંતર્ગત લાભાન્વિત થયેલ તમામ લાભાર્થીઓની ઉપસ્થિતિમાં આયોજિત "ઉત્કર્ષ સમારોહ"માં પ્રધાનમંત્રીશ્રીએ અનેક લાભાર્થીઓ સાથે કરેલા સંવાદ પૈકી વાગરાના ઐયુબભાઈ ઈબ્રાહિમભાઈ પટેલ જોડે કરેલો સંવાદ ખુબ જ લાગણીસભર અને પ્રધાનમંત્રીશ્રીને પણ ભાવુક બનાવી દીધા હતા.

પ્રજ્ઞાચક્ષુ પિતાને પોતાની ત્રણેય દીકરીઓને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરાવવાની ખેવના...

વાત એમ છે કે,વાગરા ખાતે રહેતા શ્રી ઐયુબભાઈ ઈબ્રાહિમભાઈ પટેલ નામના ૫૧ વર્ષીય સદગૃહસ્થે થોડાક વર્ષો પહેલા ગલ્ફ દેશમાં વ્યવસાય કરતા હતા તે દરમિયાન કોઈ દવાની આડઅસરમાં તેમની આંખોમાંથી રોશની જતી રહી હતી. ઐયુબભાઈને પોતાના પરિવારમાં ૦૬ વ્યકિતનું લાલનપાલન કરવાનું હતું. તેમને સંતાનોમાં ત્રણ પુત્રી છે અને ત્રણેયને સારી રીતે ભણાવવાની ઐયુબભાઈની ખેવના...

પ્રધાનમંત્રીશ્રીએ પ્રાસંગિક વાતચીત અને યોજનાકીય લાભોનો પ્રતિભાવ મેળવ્યા બાદ એવું પૂછ્યું હતું કે, "તમે તમારી પુત્રીને શું બનાવવા ઈચ્છો છો? દિકરીઓને ભણાવો છો?" તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં ઐયુબભાઈએ જણાવ્યું હતું કે, "મારી એક દીકરીને રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ ધોરણ એકમાં પ્રવેશ મળ્યો છે. જ્યારે બીજી દીકરીને રૂ.૧૦હજારની સ્કોલરશીપ મળી છે. મારી દીકરીને ડોકટર બનાવવા માંગુ છું." જોગાનુજોગ, એ દિવસે ધોરણ – ૧૨ના વિજ્ઞાન પ્રવાહનું પરિણામ પણ હતું જેમાં મોટી પુત્રી આલિયા ૭૯.૮૦% અને ૯૫.૧૦ પર્સન્ટાઈલ રેંકથી ઉત્તીર્ણ થયા હતા.

પ્રધાનમંત્રીશ્રી પણ આલિયા સાથે વાત કરીને થોડી ક્ષણ માટે ભાવુક થઈને કહ્યું, "ઐયુબભાઈ! તમારી પીડાએ દીકરીને ડોક્ટર બનવાની પ્રેરણા આપી છે."

વાત અહીંથી વળાંક લીધી અને પ્રધાનમંત્રીશ્રીએ અચાનક આલિયા સાથે વાત કરવાનું શરૂ કર્યું હતું. આલિયાએ પોતાની અભ્યાસની વિગતો આપી બાદમાં પિતાની વાત કરતા આલિયાની આંખ અશ્રુભીની થઈ ગઈ હતી. આ જોઈ પ્રધાનમંત્રીશ્રી પણ થોડી ક્ષણ માટે ભાવુક થઈ ગયા હતા. સભામંડપમાં પણ લાગણીસભર દ્રશ્યોમાં ગરકાવ થઈ ગયો હતો. આ ક્ષણે પ્રધાનમંત્રીશ્રીએ ઐયુબભાઈને કહ્યું કે, દીકરીની સંવેદના એ જ તમારી તાકાત છે, શક્તિ છે. દીકરીઓના સપના પૂરા કરજો અને કોઈ પણ તકલીફ હોય તો મને કહેજો. તમારી પીડાએ દીકરીને ડોક્ટર બનવાની પ્રેરણા આપી છે.

શ્રી ઐયુબભાઈ પટેલની દીકરીના ડોક્ટર બનવાનું સ્વપ્ન પૂરૂ કરતાં કોઈ પણ પ્રકારની અડચણરૂપ બાધામાં સંકટમોચનરૂપી સાર્થક બનવા માટે પ્રધાનમંત્રીશ્રીના સાંકેતિક અભિગમને યાદ રાખીને શ્રી ઐયુબભાઈ પટેલની દીકરી કુ. આલિયાબાનુ પટેલે એમ.બી.બી.એસની ડિગ્રી પ્રાપ્ત કરવા સારું સારી કોલેજમાં એડમિશન માટે જરૂરી ટેકો કરવા અરજ કરી હતી.

એમ.બી.બી.એસ અભ્યાસક્રમની શૈક્ષણિક ફી ચૂકવવામાં જરૂરી નાણાંકીય સહાયરૂપ થવા સારૂ જિલ્લા વહીવટી તંત્ર, ભરૂચ અંતર્ગત મહેસૂલ વિભાગના મહત્તમ અધિકારીશ્રીઓથી લઈને અનેક કર્મચારીશ્રીઓએ ટૂંકા સમયગાળામાં સ્વૈચ્છિકપણે અને નિજી ક્ષમતાનુસાર નાણાંકીય ફાળો ફાળવી કુલ ?.૪.૦૦ લાખનો લોકફાળો એકત્રિત કરવામાં સામુહિક પ્રયાસની ક્ષમતાનું એક ઉત્કૃષ્ટ દૃષ્ટાંત પૂરું પાડ્યું છે.

# ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા અનાવલ ત્રિવેણી સંગમ ના વિકાસ માટે ૧૦ કરોડ રૂપિયા ફાળવાય





કમલમ્ ન્યુઝ,મયુર પટેલ

દક્ષિણ ગુજરાતના આદિવાસી સમાજના આવેલ ત્રિવેણી સંગમ કાવેરી કાવરી અને ગુપ્ત સરસ્વતી નદી અનાવલ તેમજ મંદિરો-તળાવોનું પ્રવાસનધામ તરીકે વિકસાવવા ૧૭૦ વિધાનસભા ધારાસભ્ય મોહનભાઈ ઢોડીયા દ્વારા માન.મુખ્યમંત્રીશ્રી ને સંબોધીને ૦૪/૦૧/૨૦૨૩ની રજૂઆત કરવામાં આવી હતી. દક્ષિણ ગુજરાતના આદિવાસી સમાજના આવેલ ત્રિવેણી સંગમ કાર્યરો કાવેરી અને ગુપ્ત સરસ્વતી નદી અનાવલ તેમજ મંદિરો-તળાવોનું પ્રવાસનધામ તરીકે વિકસાવવા બાબતની રજૂઆતની નોંધ લઈ ૧૦/૦૨/૨૦૨૩ના પત્રથી માહિતી આપવામાં આવેલ છે. આ બાબતે વિશેષમાં જણાવવાનું કે અનાવલ ત્રિવેણી સંગમ ખાતે વિકાસ કામગીરી કરવા અંતર્ગત રૂ.૧૦/- કરોડની સુધારેલ વહીવટી મંજુરી નાણા વિભાગ દ્વારા તા.૧૯/૦૪/૨૦૨૩ના રોજ આપવામાં આવેલ છે. આ કામગીરીના ટેન્ડર બહાર પાડવાની મંજુરી અર્થે તા.૦૨/૦૫/૨૦૨૩ના રોજ સરકારશ્રીમાં મોકલેલ છે, જેની મંજુરી મળ્યેથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે .

• Printer/Publisher/Owner &Editor : Mahesh N. Patel. • Printed At :-CaptialOffset 801/1, Gi.d.c.,Sector-28 Gandhinagar,Gujarat-382028 • Published - At A-3,Plot No R-13, TanishqComplex, NewGreencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028